### રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે

# રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ




રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને મનોહર ચિત્રોનું સર્જન કર્યું હતું.

# કલા ગુર્જરી દ્વારા શનિવારે વિશિષ્ટ કાર્યક્રમ 'નૃત્ય સંધ્યા'



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની કલા સંસ્થા કલાગુર્જરી દ્વારા 'નૃત્ય સંધ્યા' નામે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ એન પી પટેલે જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા નૃત્યભારતી પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા જાણીતાં અને સુમધુર ગુજરાતી ગીતોને આકર્ષક અને નયનરમ્ય નૃત્યો સ્વરૂપે પ્રસ્તુત કરતો કાર્યક્રમ 'નૃત્ય સંધ્યા' તા. ૨૩મી નવેમ્બર ને શનિવારે રાત્રે ૯.૩૧ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે.

સુર, તાલ અને નૃત્યોના ત્રિવેણી સંગમ સમા આ કાર્યક્રમનું નૃત્ય નિર્દેશન જાણીતા કલાકાર ચંદન ઠાકોર અને નિરાલી ઠાકોર દ્વારા કરવામાં આવ્યું છે. સંસ્થાના સભ્યો માટે આયોજિત આ કાર્યક્રમમાં પધારવા તેમણે સૌ સભ્યોને આમંત્રણ પાઠવ્યું છે.




લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ પ્રેરિત અને લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા આયોજિત 'પીસ પોસ્ટર ડ્રોઈંગ કોમ્પિટિશન' શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે યોજવામાં આવી હતી. શહેરની ૧૦થી વધુ સ્કૂલના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જે પૈકી વિજેતા ૧૦ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર અને લીયો ક્લબ, ગાંધીનગરના સભ્યોએ સાથે મળીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## જન્મદિને વધામણી



રાજેન્દ્રકુમાર ટી. મહેતા
મો. ૮૨૩૮૩ ૯૮૭૩૦



મીત શેતલભાઈ શાહ
મો. ૯૫૮૬૦ ૩૩૧૩૯



મીત શેતલભાઈ શાહ
શ્રી વિનય ટ્રેડર્સ
મો. ૯૫૮૬૦ ૩૩૧૩૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આંજણા સમાજના એડવોકેટ્સનું સન્માન



ગાંધીનગર, તા. ૧૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોઈ રજત મહોત્સવની ઉજવણી અન્વયે ચૌધરી સમાજના કાર્યરત વકીલોનું સ્નેહમિલન અને સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

સમારોહના અધ્યક્ષ સ્થાને બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે બનાસકાંઠા ડિસ્ટ્રીકટ બૅન્કના ચૅરમૅન ઍમ ઍલ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

મંડળના મહામંત્રી માધુભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ ઉપક્રમ અંતર્ગત સી કે પટેલ, બાર કાઉન્સિલના સભ્ય ઍચ ઍસ પટેલ ઉપરાંત ૭૦ જેટલા ઍડવોકેટ્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

પરબતભાઈ પટેલે પોતાના સંબોધનમાં વકીલોને અભિનંદન આપતાં તેમને સ્વસ્થ સમાજ નિર્માણમાં સહભાગી થવા માટે આહ્વાન કર્યું હતું. મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીએ આ પ્રસંગે આશીર્વચન પાઠવ્યા હતા. આંજણા ઍડવોકેટ્સ ઍસો.ના પ્રમુખ પરથીભાઈ ચૌધરી, મંત્રી અજયભાઈ ચૌધરી, જશુભાઈ દેસાઈ, મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, સેંધાભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. ઍમ ઍમ ચૌધરીએ કર્યું હતું. આ પ્રસંગે કૉલેજ અને ભગિની સંસ્થાઓનો સ્ટાફ, ગ્રંથપાલ પ્રકાશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઍડવોકેટ અને નૉટરી હસમુખભાઈ ચૌધરીએ કર્યું હતું.

# જિલ્લાના ૩ સ્પેશિયલ કોચે મેળવી વૉલીબૉલની એડવાન્સ્ડ તાલીમ




સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારત દ્વારા દ્વારા વૉલીબોલનો એડવાન્સ કોચિંગ કેમ્પ જેએમડી હૉસ્ટેલ, રાયસણ ખાતે યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લાના ૩ સ્પેશિયલ કોચ પૌરીન પટેલ, રોહિત ઠાકોર અને મેઘના પટેલે આ કેમ્પમાં સિલેક્ટ થઈ ઍડવાન્સ્ડ કોચિંગ પ્રાપ્ત કર્યું હતું. ત્રણેય કોચને ગાંધીનગર જિલ્લા સ્પેશિયલ ઑલિમ્પિક્સ વતી જિજ્ઞેશ વસંત રાવલ, વિનોદભાઈ ચૌધરી અને સ્પેશિયલ ખેલાડીઓના વાલીઓ વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# માત્ર બૂમરાણ મચાવવાથી શું મળશે ?

બિન સચિવાલયની કલાર્કની પરીક્ષા ન જાણે ક્યાં મુર્હુતમાં જાહેર કરાઈ છેકે કોઈને કોઈ રીતે વિવાદમાં આવી રહી છે. ક્યાંક પેપર ફૂટવાનો દાવો થયો છે તો ક્યાંક ઉમેદવારો રઝળી પડવાનો દાવો થયો છે તો વળી ક્યાંકથી પરીક્ષાના પેપરમાં દલિત વર્ગ માટે વિવાદિત શબ્દનો ઉપયોગ થયો હોવાની પણ રાવ ઉઠી છે...



## પ્રસંગસર
### કુંતલ નિમાવત
knn786@gmail.com

આ મતલબના સમાચારો સોમવારે અખબારોમાં ને સોશિયલ મીડિયા પર પ્રકાશિત-પ્રસારિત થયા છે. અને આ કારણો રાજ્યભરનાં લોકોએ માત્ર એક જ કામ કર્યું છે : ગૌણ સેવા પસંદગી મંડળની નિંદા કરવાનું ! પણ આ આખીય ઘટનાને ધ્યાનથી જોઈએ તો નિંદાને પાત્ર માત્ર ગૌણ સેવા પસંદગી મંડળ જ નથી, એમાં ક્યાંક ને ક્યાંક આપણો હાથ પણ છે.

વિવાદમાં રહેવું કે અણઘડ કામ કરવું એ ગૌણ સેવા પસંદગી મંડળ માટે કોઈ નવી વાત નથી. અલબત્ત, એવુંય નથી કે એ કારણથી તેની ભૂલોને ઢાંકવી જોઈએ કે તેમની ઉપેક્ષા કરવી જોઈએ. પરંતુ ફરિયાદ કરવાનો એક ચોક્કસ રસ્તો, શિરસ્તો છે. એ પ્રમાણે ફરિયાદ થાય તો એ યોગ્ય છે અને પછી ફરિયાદ એટલી મક્કમપણે પકડી પણ રાખવી જોઈએ કે જ્યાં સુધી એનો નિકાલ ન આવે ત્યાં સુધી પક્કડ છૂટે નહીં.

પેપર ફૂટી ગયું છે એવો ઉહાપોહ મચાવવો, સોશિયલ મીડિયા પણ બૂમરાણ મચાવવી, પેપર્સ ફરતાં કરી દેવાં, પરીક્ષા ચાલુ હજુ તો ચાલુ હોય ને અમુક તમુક પરીક્ષા કેન્દ્રો પર ગરબડ થઈ હોવાનાં વિડીયો વાઈરલ કરી દેવાં કે પછી કેટલાંક ઉમેદવારો આયોજકના મિસમૅનેજમૅન્ટને કારણે પરીક્ષા આપવાથી વંચિત રહી ગયાં એ મતલબના મૅસેજ ને ફોટો-વિડીયો ફરતા કરી દેવા એમાં શું ડહાપણની વાત છે ? એનાથી શું ફરક પડી જાય છે ? ઉલ્ટાનું જેટલા લોકોએ કંઈક અપેક્ષાથી પરીક્ષા આપી હોય છે એમનામાં નિરાશા આવી જાય છે ને લાંબા ગાળે આવી નિરાશા તંત્ર પર ઉદાસિનતા લાવવા માટે જવાબદાર બને છે, જે તંત્ર અને નાગરિક એ બંને માટે નુકસાનકારક બાબત છે.

કંઈક ખોટું થયું છે તો પુરાવા સાથે ફરિયાદ કરવી જોઈએ. પણ અહીં તો બધા વૉટ્સઍપ વીર બનીને ફરે છે ! બેકાર યુવા વર્ગની કે પરીક્ષા આપનારા ઉમેદવારોની કોઈને ખરેખર ચિંતા હોય તો પરીક્ષામાં જે કાંઈ ખોટું થયું છે તેના સજ્જડ પુરાવા એકત્ર કરીને તંત્ર



સમક્ષ વિધિસર ફરિયાદ કરવી જોઈએ અને ન્યાય ન મળે ત્યાં સુધી લડવું જોઈએ. એવું કોઈ કરે છે ખરું ? વૉટ્સઍપ વીર બનવા માટે સૌ તૈયાર, પણ કોઈના ભલા માટે, કોઈને ન્યાય મળે એ ખાતર પોતાનું નુકસાન વહોરીને, પોતાનો સમય, નાણાં ખર્ચીને લડનારા કેટલા ? જેટલા લોકોએ સોશિયલ મીડિયા પર આ પરીક્ષા બાબતે નકારાત્મક સમાચારો વહેતા મૂક્યા છે કે વિચાર્યા વગર ફૉરવર્ડ કર્યા છે એ પૈકી કેટલા લોકો ખરેખર આ બાબતે ગંભીર છે અને લેખિતમાં ફરિયાદ આપીને છેક સુધી લડી લેવા માટે તૈયાર છે ? ૧૦ ટકા પણ નહીં !

સૌથી મોટી પરેશાનીની વાત તો એ છે કે જેમને આ પરીક્ષા સાથે સીધી રીતે કોઈ લેવાદેવા નથી એવાં લોકો આ બધી બાબતોમાં વધારે રચ્યાંપચ્યાં રહે છે. પરીક્ષા આપનારા ઉમેદવારોને આવા સમાચારોથી તકલીફ થાય છે, એમનામાં નિરાશા વ્યાપે છે એવો તો કોઈ વિચાર જ નથી કરતું. પરીક્ષા આપનારા આવી બધી પ્રવૃત્તિઓમાં ઓછાં પડે છે કારણ કે એમને પરીક્ષા આપવાની છે, તૈયારી કરવાની છે, કેરિયર બનાવવાની છે. એમના સિવાયનાં લોકોને આવી બધી બાબતો ઉછાળવામાં બહુ રસ પડે છે, જેની અસર આખરે પરીક્ષા આપનારા ઉમેદવારો ઉપર અને સામાન્ય જનસમાજ ઉપર પણ પડે છે. બે દિવસથી વહેતા થયેલા આવા સમાચારોને કારણે જ આજે પરીક્ષા આપી ચૂકેલા ઉમેદવારો એ ફડકામાં જીવી રહ્યા છે કે પરીક્ષા માન્ય રાખવામાં આવશે કે અમાન્ય ઠરશે ? હવે શું થશે ?

કોઈને પ્રેરણા, પ્રોત્સાહન કે આશ્વાસન ન આપી શકીએ તો કાંઈ નહીં, કોઈના મનમાં નિરાશા ઉપજે એવાં કામ આપણે શું કામ કરીએ છીએ ? ગ્રો અપ. બહુ થયું, મૂકો હવે આ બધી બિનઉપયોગી વાતો, હવે આગળ વધવાનું છે, સૌએ આગળ વધવાનું છે.

સોશિયલ મીડિયા સારૂં છે કે ખરાબ ? યોગ્ય છે કે અયોગ્ય ? એ અહીં મુદ્દો નથી. મુદ્દો એ છે કે આપણે એનો કેવો ઉપયોગ કરીએ છીએ ? આપણે સારો ઉપયોગ કરીશું તો એ સારૂં સાબિત થશે ને ખરાબ ઉપયોગ કરીશું તો ખરાબ સાબિત થશે. નિર્ણય આપણાં હાથમાં છે.

કોઈની જિંદગી બનાવી પણ શકે અને બગાડી પણ શકે એવું અસરકારક અસ્ત્ર આપણાં હાથમાં છે, એને અસ્ત્ર સાબિત કરવું કે શસ્ત્ર એ આપણે નક્કી કરવાનું છે.

### રોજગાર નિર્માણને વેગ આપવાનો ઉદ્દેશ

# શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ૩૪ ફેકટરીઝમાં નાઈટ શિફટને મંજૂરી

ગાંધીનગર, તા. ૧૮

રોજગારીની તકોને વેગ આપવા માટેના પ્રયાસ તરીકે, રાજયના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ કામ કરતી ડિરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ (DISH) દ્વારા ૩૪ ફેકટરીઓને નાઈટ શિફટ માટે મંજૂરી આપવામાં આવી છે.

આ મંજૂરી ફેકટરીઓના કાયદાની કલમ ૬૬(૧) બી ની જોગવાઈઓ મુજબ આપવામાં આવી છે. આ કલમ હેઠળ અગાઉ રાત્રે ૭.૦૦ કલાકથી સવારે ૬-૦૦ સુધી મહિલાઓને કામે રાખવા ઉપર પ્રતિબંધ હતો. પરંતુ, ગુજરાત હાઈકોર્ટે આ જોગવાઈ નાબૂદ કરી છે અને તેના પરિણામે ગુજરાત સરકારે કાયદામાં સુધારો કર્યો છે. આથી મહિલાઓ માટે નાઈટ શિફ્ટમાં કામ કરવા માટેનો માર્ગ મોકળો થયો છે.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા જણાવે છે કે "આ ફેકટરીઓને નાઈટ શિફટ માટે મંજૂરી આપવાને કારણે રોજગારીની નવી તકો ઉભી થઈ છે. આને કારણે વધુ મહિલાઓ નાણાંકીય રીતે સ્વતંત્ર બની છે અને શક્તિમાન બની છે કારણકે આ નાઈટ શિફટસમાં મોટા ભાગે મહિલાઓ કામ કરી રહી છે."

ડિરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ (DISH)ના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે જે ૩૪ કંપનીઓને નાઈટ શિફટની મંજૂરી આપવામાં આવી છે તેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, સુઝુકી મોટર્સ, હિન્દુસ્તાન કોકા કોલા, હીરો મોટો કોર્પ, બ્રિટાનીયા ઈન્ડસ્ટ્રીઝ, સિયેટ, વેલસ્પન ઈન્ડીયા, શીન્ડર ઈલેકિટ્રક, ગુજરાત અંબુજા, ચિરીપાલ ઈન્ડસ્ટ્રીઝ, બાલાજી વેફર્સ, મધરસન સુની, યુનિકેમ ઈન્ડીયા, માર્કસન ફાર્મા અને ગ્રીનપ્લાય ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે.

ફેકટરીઓને નાઈટ શિફટ માટે મંજૂરી આપતાં પહેલાં વિસ્તૃત પ્રક્રિયા અનુસરવાની રહે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે " રાજ્ય સરકાર માટે કામદારોની સલામતી ખૂબ જ મહત્વની છે. ડિરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ (DISH) અને શ્રમ અને રોજગાર વિભાગ નાઈટ શિફટની મંજૂરી આપતાં પહેલાં સલામતિનાં પગલાં, કામદારોનાં વેતન, લાવવા -લઈ જવાની વ્યવસ્થા તથા અન્ય સંબંધિત પાસાંની ચકાસણી કરે છે."

તેમણે વધુમાં જણાવ્યું કે સંબંધિત કાયદાઓનુ પાલન થાય છે કે નહી તે ચકાસવા ડિરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ (DISH) સમયાંતરે નિયમિતપણે ફેકટરીની તપાસ કરે છે.